જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૧૨/૨૦૧૯  શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**  **સમાચાર યાદી નં.૨૧૬૬/૧૯**

## પાસા હેઠળ કરેલ અટકાયતની વિગત

**સરદારનગર પોલીસ સ્ટેશન :**

### પ્રોહીબીશન સબંધી આરોપીની પાસા અટકાયત કરતી સરદારનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમ તથા અધીક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર – ૨ અમદાવાદ શહેર  તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન- ૪અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી જી. ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ દારુ- જુગારની પ્રવુતી નેસ્તોનાબુદ કરવા સુચના કરેલ તે અનુસંધાને સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા પ્રોહીબીશન સબંધી ગુન્હાઓ થતા અટકાવવા સીની.પો.ઇંસ. સી.આર.જાદવ તથા સેક.પો.ઇંસ. એમ.બી.બારડ નાઓના માર્ગદર્શન હેઠળઅલ્પેશભાઇ ગોપાલભાઇ ઇંદ્રેકર ઉ.વ.૪૦ રહે- ફ્રી કોલોની પાણીની ટાંકી પાસે છારાનગર કુબેરનગર અમદાવાદ શહેર  વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના પાસા અટકાયતી હુકમ ક્માંક : પીસીબી/ડીટીએન/પાસા/૧૪૬૮/૨૦૧૯ તા-૨૦/૧૨/૧૯ આધારે સદરી આરોપીને તા-૨૦/૧૨/૧૯ ના કલાક - ૨૦/30 વાગે પાસા અટકાયત કરી પાસા“ હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે પાસા તળે અટકાયતમા મોકલી આપેલ  છે.

પાસા અટકાયતીનુ નામ- અલ્પેશભાઇ ગોપાલભાઇ ઇંદ્રેકર ઉ.વ.૪૦ રહે- ફ્રી કોલોની પાણીની ટાંકી પાસે છારાનગર કુબેરનગર અમદાવાદ શહેર

કામગીરી કરનાર કર્મચારી-  (૧)  અ.લો.ર. મહેશકુમાર ગોરધનભાઇ બ.ન.૯૬૭
(૨) અ.લો.ર. વનરાજભાઇ દેવરાજભાઇ બ.ન.૧૫૦૧

નોંધ- સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે વર્ષ ૨૦૧૯ મા ૯૧ પાસા હુકમની બજવણી કરવામા આવેલ છે.



## <u>ગુના નિવારણ શાખા :</u>

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે. પોલીસ કમિશ્નરશ્રી આશીષ ભાટિયા નાઓએ <u>તા.૨૦.૧૨.૧૯</u>ના રોજ અમદાવાદ શહેરના જુદા જુદા પોસ્ટે વિસ્તારમાં વારંવાર મિલ્કત સબંધી/પ્રોહીબીશનની ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

- અમદાવાદ શહેરના કૃષ્ણનગર તથા નારોલ તથા સોલા હાઈકોર્ટ વિસ્તાર લોકોના પાર્કીગમા પાર્ક કરેલ મો.સા.ની પોતાના સાગરિતોની સાથે મળી ચોરી કરનાર ગુનાહિત માનસ ધરાવતા ઈસમ નામે રાહુલ ઉર્ફે બાદશાહ મનુભાઈ ભોડીદાસ પટેલ રહેવાસી- સી-૭૧ શિવેશ-૬૨૧ લાંભા ગામ નારોલ અમદાવાદ શહેર મુળ વતન ગામ- મંડાલી કુકરવાડા તા.માણસા જિ.ગાંધીનગર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી ભુજ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | રાહુલ ઉર્ફે બાદશાહ મનુભાઈ ભોડીદાસ પટેલ રહેવાસી- સી-૭૧ શિવેશ-૬૨૧ લાંભા ગામ નારોલ અમદાવાદ શહેર મુળ વતન ગામ- મંડાલી કુકરવાડા તા.માણસા જિ.ગાંધીનગર |

➢ અમદાવાદ શહેરના રામોલ તથા વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમા પોતાના સાગરિત સાથે મો.સા. ઉપર આવી લોકોના ગળામાથી સોનાની ચેઈન તથા મંગળસુત્ર ઝુંટવી ચીલઝડપ કરી ચોરી કરી લઈ જનાર લુટ કરનાર ગુનાહિત માનસ ધરાવતા ઈસમ નામે ઝકીરહુસેન ઉર્ફે પાલે મોહમંદ ઈસ્માઈલ શેખ રહેવાસી- બ્લોક ન.૩૩ મ.ન.૧૦૩૩ વસંત ગજેન્દ્ર ગડકર નગર ચાર માળીયા વટવા અમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી રાજકોટ જેલ મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | ઝકીરહુસેન ઉર્ફે પાલે મોહમંદ ઈસ્માઈલ શેખ રહેવાસી- બ્લોક ન.૩૩ મ.ન.૧૦૩૩ વસંત ગજેન્દ્ર ગડકર નગર ચાર માળીયા વટવા અમદાવાદ |

➢ મણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા લોકોના મકાનના રસોડની જાળી તોડી તેમજ મકાનનુ તાળુ તોડી મકાનમા પ્રવેશ કરી સોના ચાંદીના દાગીના તથા રોક્ડા નાણાની ચોરી કરી લઈ જનાર ગુનાહિત માનસ ધરાવતા ઈસમ નામે સાગર ગોવિંદભાઈ દશરથભાઈ દંતાણી રહે.પતરાવાળી ચાલી ન્યુ કોટન મીલની પાસે આશીમા કંપનીના ગેટની સામે ઝુપડપટ્ટીમા અમરાઈવાડી અમદાવાદ શહેર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી વડોદરા જેલ મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | સાગર ગોવિંદભાઈ દશરથભાઈ દંતાણી રહે.પતરાવાળી ચાલી ન્યુ કોટન મીલની પાસે આશીમા કંપનીના ગેટની સામે ઝુપડપટ્ટીમા અમરાઈવાડી અમદાવાદ શહેર |

➢ આ ઉપરાંત અન્ય પ્રોહીબીશનની પ્રવૃતિ સાથે સંકળાયેલ ૦૧ ઇસમ મળી **કુલ્લે ૦૪ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી** તેઓને સુરત જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.

# “SHE” ટીમ દ્વારા રોમીયોગીરી કરતા ઇસમોની અટકાયતની વિગત

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન :

## “SHE“ ટીમ દ્વારા પો.સ્ટે વિસ્તાર માંથી પેટ્રોલિંગ દરમ્યાન રોમીયોગીરી કરતા ઇસમને પકડી પાડતી કૃષ્ણનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથાનાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “જી” ડિવીઝન અમદાવાદ શહેર નાઓએ “ **SHE** “ટીમ દ્વારા કડકમાં કડક કામગીરી કરવા સુચના કરેલ હોય જે અનુસંધાને અત્રેના કૃષ્ણનગર પો.સ્ટે.વિસ્તારમાં તા.૧૯/૧૨/૧૯ ના રોજ શી-ટીમ અમારા આદેશ અનુસાર પેટ્રોલિંગમાં હતા દરમ્યાન SHE ટીમના સ્કોર્ડના ઇન્ચાર્જ પ્રો.પો.સબ.ઇન્સ એન.એસ.સાકરીયા તથા શી-ટીમના માણસો દ્વારા રોમીયો કે જે કૃષ્ણનગર ઠક્કરનગર કેનાલ ઉપર વેરા પાસે જાહેર રોડ ઉપર અવર-જવર કરતી મહિલાઓને લલચાવવા પોતાના શરીર સાથે અડપલા કરી જાહેરમાં બિભત્સ ચેનચાડા કરી મહિલાઓને ગંદા ઇશારા કરતા ક.૧૯/૩૫ વાગે મળી આવતા તેના વિરૂધ્ધ ધી.જી.પી.એકટ કલમ-૧૧૦,૧૧૭ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે

**આરોપીનું નામ:-** સિધ્ધાર્થ સ/ઓ દેવસિંહભાઇ હરિભાઇ જાતે પારગી ઉ.વ.૨૨ ધંધો-બેકાર રહે,મ.નં-૧૧૭,જય અંબે સોસાયટી રાઇકા ચોક ઠક્કરનગર ચાર રસ્તા પાસે ઠક્કરનગર કૃષ્ણનગર અમદાવાદ શહેર મૂળ વતન,ગામ-મોડી તા,જી.સુરેન્દ્રનગર

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :

પ્રો.પો.સબ.ઇન્સ એન.એસ.સાકરીયા તથા તેઓની શી-ટીમના માણસો અ.પો.કોન્સ યોગેશકુમાર નરસિંહભાઇ તથા અ.પો.કોન્સ રેણુકાબેન વખતસિંહ બ.નં-૮૧૮ તથા બીજા સ્ટાફના માણસો સાથે



# મોબાઇલ સ્નેચિંગના આરોપીઓની અટકાયતની વિગત

## સરખેજ પોલીસ સ્ટેશન :

## મોબાઇલ સ્નેચીંગના આરોપીઓને મુદામાલ સાથે પકડી પાડતો સરખેજ પોલીસ સ્ટેશન નો સર્વેલન્સ સ્કોડ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,"એમ" ડિવીઝન સાહેબનાઓની સુચના તથા માર્ગદર્શન તથા સરખેજ પોલીસ સ્ટેશનનાં પોલીસ ઇન્સપેક્ટર બી.બી.ગોયલ સાહેબ નાઓનાં સીધા માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મીલ્કત સબંધી ગુન્હા શોધવા તેમજ અટકાવવા સારૂ સુચના આપેલ જે સુચનાં તથા માર્ગદર્શન આધારે સર્વેલન્સ સ્કોર્ડનાં પો.સ.ઇ.ડી.ડી.ચુડાસમા તથા અ.હે.કો.ઇદરીશખાન સામતખાન બ.નં-૫૭૨૫ તથા અ.હે.કો અજીતસિંહ પ્રભાતસિંહ બ.નં-૪૧૨૮ તથા અ.પો.કોન્સ.ધર્મેન્દ્રસિંહ નારણભાઇ બ.નં-૩૧૮૦ તથા અ.પો.કો સુરેશભાઇ ગગુભાઇ બ.નં-૯૭૭૩ તથા અ.પો.કોન્સ રણજીતસિંહ સુખદેવસિંહ બ.નં.૮૯૨૧ તથા અ.લોકરક્ષક કુલદિપસિંહ રાજેન્દ્રસિંહ બ.નં.૦૨૬૩ નાઓની ટીમ બનાવી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાનમાં સાથેના **અ.પો.કોન્સ.ધર્મેન્દ્રસિંહ નારણભાઇ ૩૧૮૦ તથા અ.પો.કો.સુરેશભાઇ ગગુભાઇ બ.નં-૯૭૭૩** નાઓને ખાનગી બાતમી હકીકત આધારે અંબર ટાવર ત્રણ રસ્તા ખાતે થી બે આરોપીઓને સરખેજ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં-૧૮૪/૨૦૧૯ ઇ.પી.કો.કલમ ૩૭૯(એ)(૩),૧૧૪ મુજબના કામે ગયેલ મુદામાલ સાથે પકડી અટક કરી ઉપરોક્ત ગુન્હો ડીટેકટ કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

- **કબ્જે કરેલ મુદ્દામાલ-**

(૧)ગોલ્ડન કલરનો વીવો કંપનીનો ફોન જેની કિ.રૂ.-૫,૦૦૦/-ગણી શકાય

(૨)મોટો રોલો કંપનીનો મોબાઇલ ફોન જેની હાલ કિ.રૂ.-૫,૦૦૦/-ગણી શકાય

(૩)વીવો કંપનીનો ફોન જેની હાલ કિ.રૂ.-૪,૦૦૦/-ગણી શકાય

(૪)સેમસંગ કંપનીનો સાદો મોબાઇલ જેની હાલ કિ.રૂ.-૫૦૦/-ગણી શકાય.

(૫) ટી.વી.એસ.મોટર સાયકલ નં.GJ-01-UL-4991 જેની આશરે કિં.રૂ.૨૦,૦૦૦/-ગણી શકાય

તમામ મળી કુલ્લે રૂપિયા ૩૪,૫૦૦/-મતાનો મુદામાલ

**પકડાયેલ આરોપીઓ:-**

(૧) રઇસ સન/ઓ અલ્તાફભાઇ હાકમભાઇ શેખ ઉ.વ.૨૫ રહે.ઉધમા ડુપ્લેક્ષ જેરાના મસ્જીદની બાજુમાં બિસ્મિલ્લા બેકરીના ખાંચામાં મસ્તાન મસ્જીદ પાસે ફતેવાડી વેજલપુર અમદાવાદ શહેર

(૨) હારૂન સન/ઓ અબ્દુલગની કાદરભાઇ શેખ ઉ.વ.૩૦ રહે.અબ્દુલભાઇના મકાનમાં ઉરવા પાર્ક મસ્તાન મસ્જીદની બાજુમાં મા પાર્લર સામે ગલીમાં ફતેવાડી વેજલપુર અમદાવાદ શહેર

ગુનાહિત ઇતિહાસ:-**અગાઉ પણ બન્ને વેજલપુર પોલીસ સ્ટેશન તથા બાવળા પોલીસ સ્ટેશન તથા સાણંદ પોલીસ સ્ટેશનમાં લુટ તથા ચોરી તેમજ મારામારીના ગુનામાં પકડાયેલ છે**



# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી ધારા હેઠળ ઝડપાયા:- સમાચાર યાદી નં.૨૧૬૭/૧૯

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૮ કેસ કરી, ૧૮ વ્યક્તિઓને ઝડપી, ૦૮ લીટર દેશી દારૂ અને ૦૮ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૨૪ બીયર ટીન અને ૭૨ ક્વૉટર ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયા:- સમાચાર યાદી નં.૨૧૬૮/૧૯

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૭૪ વ્યક્તિઓની અને પ્રોહી.૯૩ હેઠળ ૦૨ વ્યક્તિઓની તેમજ પાસા મુજબ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી : સમાચાર યાદી નં.૨૧૬૯/૧૯

**ખોખરા** : લાલજીભાઇ ત્રિકમભાઇ સોલંકી (હિન્દુ વણકર)(ઉ.વ.૪૫)(રહે.આઝાદનગર ફતેવાડી હરીવીલા રોડ, ક્રિષ્ના ડુપ્લેક્ષ પાસે, સરખેજ ધોળકા રોડ) એ તા.૨૦/૧૨/૨૦૧૯ નારોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ફેબ્રુઆરી/૨૦૧૭ થી તા.૨૯/૧૧/૨૦૧૯ સાંજના ૪/૩૦ વાગ્યા દરમ્યાન ખોખરા દક્ષીણી અંડરબ્રિજ પાસે રીન્કુ એપાર્ટમેન્ટ ખાતે આરોપી (૧)કલ્પેશભાઇ રોહીતભાઇ પટેલ(મુખી) (રહે.રોહીત મુખીનો બંગલો, દેસાઈની ખડકી આનંદ ચોક ખોખરા ગામ) અને (૨) ઉમંગભાઈ રાવલ (રહે.કુંદન એપાર્ટમેન્ટ, પી.એમ.ટી.કોલોની પાછળ વાસણા) એ ભેગામળી લાલાજીભાઇ સાથે મેનેજમેન્ટ વર્કીંગ કામના ભાગીદાર તરીકે ભાગીદારીમાં રીન્કુ એપાર્ટમેન્ટને ડેવલોપમેન્ટ માટે લાલજીભાઇ પાસેથી રૂપિયા ૨૫,૦૦,૦૦૦/- ચેકથી મેળવી લઇ, લાલજીભાઇને ફેબ્રુઆરી/૨૦૧૯ માં ૪૫,૦૦,૦૦૦/- આપવાની લાલચ આપી તેમજ ખરીદેલ ફ્લેટ અને બાકી નિકળતા રૂપિયા આજદિન સુધી નહી આપી, લાલજીભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ મ.પો.કમિ.શ્રી એસ.સી./એસ.ટી. સેલ નાઓ ચલાવે છે.